# દ. આફ્રિકાએ ભારત સામે 188 રનનો લક્ષ્યાંક મુક્યો

**મિલર** અને બ્રેવિસની તોફાની બેટિંગ

**બુમરાહે** ઘાતક બોલિંગ કરી 3 વિકેટ ઝડપી



અમદાવાદ, તા. 22 (પીટીઆઈ): ડેવિડ મિલરની વિસ્ફોટક અર્ધસદી અને ડેવાલ્ડ બ્રેવિસ સાથેની તેની શાનદાર ભાગીદારીની મદદથી દક્ષિણ આફ્રિકાએ રવિવારે રમાયેલી ટી-20 વર્લ્ડકપની સુપર-8 મેચમાં ભારત સામે 7 વિકેટે 187 રનનો પડકારજનક સ્કોર બનાવ્યો હતો.

મેચની શરૂઆતમાં દક્ષિણ આફ્રિકાની સ્થિતિ અત્યંત ખરાબ હતી. જસપ્રીત બુમરાહ અને અર્શદીપ સિંહે તરખાટ મચાવતા માત્ર 20 રનમાં ક્વિન્ટન ડિકોક (06), એડન માર્કરામ (04) અને રેયાન રિકેલ્ટન (07) ને પેવેલિયન ભેગા કરી દીધા હતા. જોકે, ત્યારબાદ 'કિલર' મિલર અને યુવા ડેવાલ્ડ બ્રેવિસે બાજી સંભાળી હતી. બંનેએ ચોથી વિકેટ માટે 51 બોલમાં 97 રનની તોફાની ભાગીદારી કરી હતી. મિલરે 35 બોલમાં 63 રન (7 ચોગ્ગા, 3 છગ્ગા) ફટકાર્યા હતા, જ્યારે બ્રેવિસે 29 બોલમાં 45 રનનું યોગદાન આપ્યું હતું. અંતિમ ઓવરોમાં ટ્રિસ્ટન સ્ટબ્સે માત્ર 24 બોલમાં અણનમ 44 રન ઝૂડી કાઢીને સ્કોર 187 સુધી પહોંચાડ્યો હતો.

ભારત તરફથી જસપ્રીત બુમરાહે ફરી એકવાર સાબિત કર્યું કે તે કેમ સર્વશ્રેષ્ઠ છે; તેણે 4 ઓવરમાં માત્ર 15 રન આપીને 3 મહત્વની વિકેટ ઝડપી હતી. અર્શદીપ સિંહે પણ 28 રન આપી 2 વિકેટ મેળવી હતી. જોકે, હાર્દિક પંડ્યા અને વરુણ ચક્રવર્તી આજે ઘણા મોંઘા સાબિત થયા હતા. ચક્રવર્તીએ 47 અને પંડ્યાએ 45 રન લૂંટાવ્યા હતા, જેના કારણે આફ્રિકા મજબૂત સ્થિતિમાં પહોંચી શક્યું હતું.

| દ. આફ્રિકા | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| માર્કરમ કો પંડ્યા બો અર્શદીપ | 4 | 7 | 0 | 0 |
| ડી'કોક બો બુમરાહ | 6 | 7 | 1 | 0 |
| રિકેલ્ડન કો દુબે બો બુમરાહ | 7 | 7 | 0 | 1 |
| બ્રેવિસ કો અભિષેક બો દુબે | 45 | 29 | 3 | 3 |
| મિલર બો વરૂણ | 63 | 35 | 7 | 3 |
| ટ્રીસ્ટેન સ્ટબ્બસ અણનમ | 44 | 24 | 1 | 3 |
| યાનસેન કો સિંહ બો અર્શદીપ | 2 | 6 | 0 | 0 |
| કોર્બીન કો એન્ડ બો બુમરાહ | 5 | 6 | 1 | 0 |
| રબાજડા અણનમ | 0 | 1 | 0 | 0 |
| વધારાના | 11 | | | |
| કુલ 20 ઓવરમાં 7 વિકેટે | 187 રન | | | |

**વિકેટ પતન**: 1-10, 2-12, 3-20, 4-117, 5-152, 6-158, 7-167

| બોલિંગ : | O | M | R | W |
|---|---|---|---|---|
| અર્શદીપ સિંહ | 4 | 0 | 28 | 2 |
| જસપ્રીત બુમરાહ | 4 | 0 | 15 | 3 |
| વરૂણ ચક્રવર્તી | 4 | 0 | 47 | 1 |
| વોશિંગ્ટન સુંદર | 2 | 0 | 17 | 0 |
| હાર્દિક પંડ્યા | 4 | 0 | 45 | 0 |
| શિવમ દુબે | 2 | 0 | 32 | 1 |




# ભારત-એ મહિલા ટીમે એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ ટાઈટલ જીત્યું

**ભારતીય** મહિલા ટીમે બાંગ્લાદેશને હરાવી સતત બીજી વાર આ ટાઈટલ જીત્યું

**ભારતીય** ટીમના 134 રનના જવાબમાં બાંગ્લાદેશ 88 રન જ બનાવી શક્યું

બેંગકોક, તા. 22 (પીટીઆઈ): તેજલ હસબનીસની શાનદાર અર્ધસદી અને લેગ સ્પિનર પ્રેમા રાવતની ઘાતક બોલિંગની મદદથી રવિવારે રમાયેલી ફાઈનલમાં ભારત-એ ટીમે બાંગ્લાદેશ-એ ને 46 રને પરાજય આપીને એસીસી મહિલા એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ ટુર્નામેન્ટનું ટાઇટલ જીતી લીધું છે. ભારત-એ ટીમે વર્ષ 2023માં યોજાયેલી પ્રથમ ટુર્નામેન્ટની ફાઇનલમાં પણ બાંગ્લાદેશને હરાવીને ટ્રોફી જીતી હતી, જે સફળતાનું આજે ફરી પુનઃરાવર્તન કર્યું છે.

મેચની શરૂઆતમાં ભારતીય ટીમ માત્ર 44 રનમાં 4 વિકેટ ગુમાવીને ભારે સંકટમાં મુકાઈ ગઈ હતી. આ મુશ્કેલ સમયે તેજલે 34 બોલમાં અણનમ 51 રનની પ્રભાવશાળી ઇનિંગ રમીને બાજી સંભાળી હતી. તેણે કેપ્ટન રાધા યાદવ (36 રન) સાથે પાંચમી વિકેટ માટે 89 રનની મહત્વપૂર્ણ ભાગીદારી નોંધાવી, જેના પગલે ભારતે નિર્ધારિત 20 ઓવરમાં 7 વિકેટે 134 રનનો સન્માનજનક સ્કોર બનાવ્યો હતો. તેજલે 150ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી કૌશલ્યનો પરિચય આપ્યો હતો. જવાબમાં 135 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી બાંગ્લાદેશની ટીમ 19.1 ઓવરમાં 88 રન બનાવીને ઓલઆઉટ થઇ ગઇ હતી. ભારતીય લેગ સ્પિનર પ્રેમા રાવતે માત્ર 12 રન આપીને 3 વિકેટ ઝડપી બાંગ્લાદેશના બેટિંગ ઓર્ડરને વેરવિખેર કરી નાખ્યો હતો.

# ઈંગ્લેન્ડે શ્રીલંકાને હરાવ્યું, આર્ચર-જેક્સની ઘાતક બોલિંગ




**ઈંગ્લેન્ડે** 146 રન બનાવ્યા બાદ શ્રીલંકાને 95 રનમાં ઓલઆઉટ કર્યું

**ફિલ** સોલ્ટની અડધી સદી, વિલ જેક્સે ઓલરાઉન્ડ પ્રદર્શન કરતા 3 જ્યારે આર્ચરે 2 વિકેટ ઝડપી

પલ્લેકલ, તા. 22 (પીટીઆઈ): ફિલ સોલ્ટની શાનદાર અર્ધસદી અને જોફ્રા આર્ચર-વિલ જેક્સની ધારદાર બોલિંગની મદદથી ઈંગ્લેન્ડે રવિવારે શ્રીલંકાને 51 રને હરાવી સુપર-8માં ધમાકેદાર વિજય મેળવ્યો છે.

પ્રથમ બેટિંગ કરતા ઈંગ્લેન્ડની શરૂઆત નબળી રહી હતી. શ્રીલંકન સ્પિનર દુનિથ વેલાલગેએ (3 વિકેટ) જોસ બટલર અને હેરી બ્રુકને સસ્તામાં આઉટ કરી ઈંગ્લેન્ડને 146 રન સુધી સીમિત રાખ્યું હતું. ઈંગ્લેન્ડ તરફથી ફિલ સોલ્ટે સર્વાધિક 62 રન (40 બોલ) બનાવ્યા હતા.

જોકે, 147 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી શ્રીલંકાની ટીમ 16.4 ઓવરમાં માત્ર 95 રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. જોફ્રા આર્ચર અને વિલ જેક્સે પાવરપ્લેમાં જ શ્રીલંકાના ટોપ ઓર્ડરને વેરવિખેર કરી નાખતા છઠ્ઠી ઓવર સુધીમાં ટીમનો સ્કોર 34 રને 5 વિકેટ થઈ ગયો હતો.

વિલ જેક્સે ઓલરાઉન્ડ પ્રદર્શન કરતા પહેલાં આક્રમક 21 રન બનાવ્યા હતા અને બામાં 22 રન આપી 3 વિકેટ ઝડપી હતી, જેના માટે તેને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરાયો હતો. કેપ્ટન શનાકાએ 30 રન બનાવી થોડો સંઘર્ષ કર્યો હતો, પણ આદિલ રશીદે તેને આઉટ કરી શ્રીલંકાની આશાઓ પર પાણી ફેરવી દીધું હતું.



# ધોની આઈપીએલ માટે ઉપલબ્ધ પણ કદાચ તમામ મેચ નહીં રમે

**સીએસકેના** સૂત્રોએ પુષ્ટિ કરી ધોની 2026ની સિઝન માટે ઉપલબ્ધ રહેશે

**સંજુ** સેમસનના ટીમમાં સામેલ થવાથી સમીકરણો બદલાયા

અમદાવાદ, તા. 22 (પીટીઆઈ): ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026ની તૈયારીઓ વચ્ચે મહેન્દ્ર સિંહ ધોનીના ભવિષ્યને લઈને ફરી ચર્ચાઓ તેજ થઈ છે. ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK)ના સૂત્રોએ પુષ્ટિ કરી છે કે 45 વર્ષનો ધોની આગામી સિઝન માટે ઉપલબ્ધ રહેશે, પરંતુ તે તમામ મેચો રમશે કે કેમ તે અંગે હજુ અનિશ્ચિતતા છે.

આ વખતે ટીમમાં સંજુ સેમસનનો સમાવેશ થતા એવી શક્યતા છે કે ધોની અમુક જ મેચોમાં જોવા મળે.

ધોની છેલ્લા કેટલાક સમયથી ઘૂંટણ અને પીઠની સમસ્યાથી ઝઝૂમી રહ્યો છે, આ ઉપરાંત 'ઈમ્પેક્ટ પ્લેયર' નિયમ લાગુ થયા બાદથી ધોનીની બેટ્સમેન તરીકેની ભૂમિકા મર્યાદિત રહી છે. CSK પાસે હવે સંજુ સેમસન અને ઉર્વિલ પટેલ જેવા વિકેટકીપર વિકલ્પો છે, જ્યારે 14.20 કરોડમાં ખરીદાયેલા કાર્તિક શર્માને ફિનિશર તરીકે તૈયાર કરાઈ રહ્યો છે. જોકે, એવી પૂરી શક્યતા છે કે ધોની ચેન્નાઈના ચેપોક સ્ટેડિયમમાં રમાનારી તમામ હોમ મેચોમાં મેદાન પર ઉતરશે, કારણ કે ચાહકો સાથે તેનો અતૂટ સંબંધ છે.

# અલ્કારાઝે કતર ઓપન ટાઈટલ જીત્યું

**અલ્કારાઝ** આ સાથે જ આ વર્ષે સતત 12 મેચ જીતી અજેય રહ્યો



દોહા, તા. 22 (એપી): વિશ્વના નંબર એક ખેલાડી કાર્લોસ અલ્કારાઝે શાનદાર રમત દર્શાવતા આર્થર ફિલ્સને માત્ર 50 મિનિટમાં 6-2, 6-1 થી હરાવીને કતર ઓપન ટેનિસ ટુર્નામેન્ટનું ટાઇટલ જીત્યું છે.

સ્પેનના આ સ્ટાર ખેલાડીએ આ રીતે 2026માં પોતાની જીતનો સિલસિલો 12 મેચ સુધી પહોંચાડી દીધો છે. તેણે આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનનું ટાઇટલ જીત્યું હતું.

આ રીતે તેણે કરિયર ગ્રાન્ડ સ્લેમ પૂર્ણ કરવા એટલે કે ચારેય ગ્રાન્ડ સ્લેમ જીતનાર સૌથી નાની ઉંમરના ખેલાડી બન્યાના 20 દિવસ બાદ કતર ઓપનમાં ચેમ્પિયન બનવાનું ગૌરવ હાંસલ કર્યું. અલ્કારાઝે કહ્યું, 'વર્ષની શરૂઆત ખરેખર ખૂબ જ શાનદાર રહી છે.' દોહામાં ટાઈટલ જીતવાની સાથે જ અલ્કારાઝના ટૂર-લેવલના ટાઈટલ્સની સંખ્યા 26 થઈ ગઈ છે.

## સુડોકુ - ૪૧૪૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | ૭ | ૬ | ૮ | | | |
| | ૬ | ૪ | ૫ | | ૧ | ૮ | | |
| | | | ૩ | ૯ | | ૨ | ૧ | |
| ૯ | | ૮ | ૧ | ૭ | | | | ૪ |
| | ૩ | | | | ૨ | ૯ | ૬ | |
| ૫ | ૧ | ૬ | | | ૯ | | ૨ | ૮ |
| ૬ | ૫ | | ૯ | | ૭ | ૩ | | ૨ |
| ૨ | | | ૬ | ૮ | ૫ | ૧ | | |
| ૮ | | | ૨ | | ૩ | | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ-૪૧૪૨ ઉકેલ

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ઢીલા ઝાડા

શંખજીરું અને રાળ દરેક 50 ગ્રામ લઇ સાકર 100 ગ્રામ સાથે દળી ચૂર્ણ બનાવી રાખો. તેમાંથી ત્રણ, ત્રણ ગ્રામ ચૂર્ણ, સવાર, બપોર અને સાંજે છાશ સાથે અથવા પાણી સાથે લેવું.

## હોકી પ્રો-લીગ: ઓસ્ટ્રેલિયા સામે ભારત શૂટઆઉટમાં હાર્યું



હોબાર્ટ, તા. 22 (પીટીઆઈ): ભારતીય પુરૂષ હોકી ટીમે રવિવારે રમાયેલી એફઆઈએચ (FIH) પ્રો-લીગ મેચમાં ઓસ્ટ્રેલિયા સામે શાનદાર લડત આપી હતી, પરંતુ અંતે પેનલ્ટી શૂટઆઉટમાં 5-4થી પરાજયનો સામનો કરવો પડ્યો હતો. નિર્ધારિત સમય સુધી બંને ટીમો 2-2ની બરાબરી પર રહી હતી. ભારત તરફથી અમિત રોહિદાસે 15મી મિનિટે અને જુગરાજ સિંહે 43મી મિનિટે ગોલ કરીને ટીમને 2-0ની મજબૂત સરસાઈ અપાવી હતી. જોકે, છેલ્લા ક્વાર્ટરમાં ઓસ્ટ્રેલિયાના જોએલ રિન્ટાલાએ બે ગોલ ફટકારીને સ્કોર બરાબરી પર લાવી દીધો હતો. મેચ દરમિયાન ભારતીય ગોલકીપર મોહિતે કેટલાક અદભૂત 'સેવ' કરીને ભારતને મેચમાં ટકાવી રાખ્યું હતું. શૂટઆઉટમાં બંને ટીમોએ પ્રથમ ચાર પ્રયાસો સફળતાપૂર્વક પૂર્ણ કર્યા હતા, પરંતુ અંતિમ નિર્ણાયક ક્ષણે આદિત્ય અર્જુન લાલગેનો શોટ ઓસ્ટ્રેલિયાના ગોલકીપર સ્નોડેને રોકી લેતા ભારતની જીતની આશા પર પાણી ફરી વળ્યું હતું. પ્રો-લીગમાં ભારતની આ સતત છઠ્ઠી હાર છે, જેમાં અગાઉના રાઉરકેલા ચરણની ચાર અને શનિવારે સ્પેન સામેની હારનો સમાવેશ થાય છે. હવે ભારતીય ટીમ મંગળવારે ફરી એકવાર સ્પેન સામે ટકરાશે.



# મેસીનો જાદુ ચાલ્યો નહીં: LAFC સામે ઈન્ટર મિયામી હાર્યું

**ઇન્ટર** મિયામી માટે MLS કપના ટાઇટલ બચાવવાની શરૂઆત નિરાશાજનક રહી

લોસ એન્જલસ, તા. 22 (એપી): લિયોનેલ મેસી અને ઈન્ટર મિયામી માટે MLS કપના ટાઈટલ બચાવવાની શરૂઆત નિરાશાજનક રહી છે. લોસ એન્જલસ એફસી એ શાનદાર પ્રદર્શન કરતા મિયામીને 3-0 થી હરાવ્યું હતું.

લોસ એન્જલસ મેમોરિયલ કોલિઝિયમ ખાતે રમાયેલી આ ઐતિહાસિક મેચ જોવા માટે 75,673 દર્શકો ઉમટી પડ્યા હતા, જે MLS ઈતિહાસની બીજી સૌથી મોટી સંખ્યા છે.

મેચમાં ડેવિડ માર્ટિનેઝ, ડેનિસ બુઆંગા અને નાથન ઓર્ડાઝે ગોલ કરીને LAFCને જીત અપાવી હતી. દક્ષિણ કોરિયાના સ્ટાર પ્લેયર સન હ્યુંગ-મિને માર્ટિનેઝના પ્રથમ ગોલમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. મેસીએ સ્નાયુના ખેંચાણ છતાં આખી મેચ રમી હતી, પરંતુ તે કોઈ ખાસ જાદુ બતાવી શક્યો નહીં. આ મેચમાં સર્ગીયો બુસ્કેટ્સ અને જોર્ડી આલ્બા જેવા દિગ્ગજ ખેલાડીઓની નિવૃત્તિ બાદ મિયામીની ટીમ થોડી નબળી જણાઈ હતી.

LAFCનો સિઝન ઓપનર મેચોમાં વિજયી રેકોર્ડ હવે 9-0-0 થયો છે. મેચ બાદ ડેનિસ બુઆંગાએ મેસી સાથે જર્સીની અદલાબદલી કરી હતી. મિયામી હવે આગામી મેચોમાં પોતાની વ્યૂહરચના સુધારવા પ્રયાસ કરશે.

## આજે વેસ્ટઈન્ડિઝના પાવર-હિટર્સ સામે ઝિમ્બાબ્વેના દ્રઢ સંકલ્પનો પડકાર



મુંબઈ, તા. 22 (પીટીઆઈ): ટી-20 વર્લ્ડ કપના સુપર-8માં સોમવારે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે વેસ્ટઈન્ડિઝ અને ઝિમ્બાબ્વે વચ્ચે રસાકસીભર્યો મુકાબલો રમાશે. અત્યાર સુધી અજેય રહેલી બંને ટીમો પોતાની જીતની લય જાળવી રાખવા મેદાને ઉતરશે.

ભૂતપૂર્વ કેપ્ટન ડેરેન સેમીની કોચિંગ હેઠળ વેસ્ટ ઈન્ડિઝે સતત ચાર મેચ જીતીને ટાઈટલ માટે મજબૂત દાવેદારી નોંધાવી છે. કેરેબિયન ટીમ માટે કેપ્ટન શાઈ હોપ (155 રન) અને હેટમાયર ફોર્મમાં છે, જ્યારે રધરફોર્ડની વિસ્ફોટક બેટિંગ વિરોધીઓ માટે મોટો પડકાર છે. વેસ્ટઈન્ડિઝે અત્યાર સુધીમાં 36 છગ્ગા ફટકારીને પોતાની તાકાત બતાવી છે.

બીજી તરફ, ઝિમ્બાબ્વેએ ઓસ્ટ્રેલિયા અને શ્રીલંકા જેવી દિગ્ગજ ટીમોને હરાવીને તમામને ચોંકાવી દીધા છે. ઝિમ્બાબ્વેની સફળતાનો મોટો શ્રેય યુવા બેટ્સમેન બ્રાયન બેનેટને (175 રન) જાય છે, જોકે રસપ્રદ વાત એ છે કે તેણે હજુ સુધી એક પણ છગ્ગો માર્યો નથી. સિકંદર રઝાની આગેવાનીમાં ટીમ મજબૂત આત્મવિશ્વાસ ધરાવે છે.

વાનખેડેની સપાટ પિચ અને નાની બાઉન્ડ્રી વેસ્ટ ઈન્ડિઝના પાવર-હિટર્સને ફાયદો કરાવી શકે છે, પરંતુ ઝિમ્બાબ્વેના મુઝરબાની (9 વિકેટ) અને બ્રેડ ઈવાન્સ (8 વિકેટ) જેવા બોલરો વેસ્ટઈન્ડિઝની આક્રમકતા પર બ્રેક મારવા સક્ષમ છે.

## શબ્દગુંફન - ૭૧૭૪

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. ભજન ગાનાર (૪)
૪. હિંમત (૨)
૬. મુખ, ચહેરો (૩)
૮. નમેલું (૨)
૯. સોના રૂપાનાં તાર ખેંચવાનું સાધન (૪)
૧૧. વિશ્વાસ (૩)
૧૨. પ્રસંગ, તક (૨)
૧૩. જંગલ (૨)
૧૪. ઠંડું (૨)
૧૫. નવાઈનો બનાવ (૪)
૧૭. કુસ્તીબાજ, પહેલવાન (૨)
૧૮. દેવું, ઋણ (૩)
૨૦. કૃષ્ણપક્ષનું (૨)
૨૨. દોસ્ત, આશક (૨)
૨૩. અવાજ (૨)
૨૪. પગપાળો પ્રવાસ (૪)
૨૬. કજિયો (૪)
૨૮. યજ્ઞ (૨)
૩૦. ઊહાપોહ, ચર્ચા (૪)
૩૧. દાન આપનાર (૪)

**ઊભી ચાવી**

૧. બળવાન (૨)
૨. ફુરસદ, સુખ (૩)
૩. શરીરની ઊંચાઇ (૨)
૫. ચિંતન કરવાનું (૫)
૬. મોટું (૨)
૭. આંખ (૩)
૯. દુનિયા (૨)
૧૦. રૂપાનું, ધોળાશ પડતું (૩)
૧૨. યોગ્ય (૩)
૧૩. મોટું (૨)
૧૫. હાથી (૨)
૧૬. યોગ્ય કિંમત કરવી તે (૩)
૧૭. કેફ, ખુમારી (૨)
૧૯. પહોંચ, પાવતી (૩)
૨૦. સોના-ચાંદીનું છેક પાતળું પતરું (૩)
૨૧. રમતમાં આવતો વારો (૨)
૨૨. મુસાફરી (૨)
૨૩. નકામું, બાદ કરેલું (૨)
૨૪. વર (૨)
૨૫. માગણ (૩)
૨૬. ઝેર, વિષ (૨)
૨૭. વગાડવું તે (૩)
૨૮. હશે, છોને (૨)
૨૯. નાણું (૨)

શબ્દગુંફન - ૭૧૭૩ ઉકેલ

## આજનું પંચાંગ

**તા. 23/02/2026, સોમવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1947
**વીર સંવત** : 2552 **માસ** : ફાગણ
**તિથિ**: સુદ: છઠ : 09:10 પછી સાતમનો ક્ષય છે.
**અયન** : ઉત્તરાયન **ઋતુ** : વસંત
**રાષ્ટ્રિય દિનાંક** : ફાગણ: 04 **નક્ષત્ર** :ભરણી : 16:34 **યોગ** : બ્રહ્મ, **કરણ**: ગર
**રાશિ**: મેષ(અ,લ,ઈ)22:14 પછી વૃષભ(બ.વ.ઉ.)
**દિવસ** : અશુભ, મંગળ કુંભમાં 11:52 થી હોળાષ્ટક પ્રા.31:03 થી આચાર્ય સુંદર સાહેબની પુ.તિ.
**સુરતમાં સૂર્યોદય** : 07:05 **સુરતમાં સૂર્યાસ્ત** : 18:39
**નવકારસી** : 07:53
**પારસી વર્ષ** : 1395 મહેર માસનો 13મોરોજ
**મુસલમાન વર્ષ** : 1447, રમજાન માસનો 05મો રોજ
**દિવસનાં ચોઘડિયાં**: અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં**: ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
**રાહુ કાળ**: સવારે : 07:30 થી 09:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,)**: આવકના સાધનોમાં વધારો થાય. સમાજમાં માન વધે. પડવા-વાગવાથી સાવધાન, વિવાદ ટાળવો.
**વૃષભ (બ,વ,ઉ,)**: લેવડ-દેવડમાં સાવધાની રાખવી. શારીરિક અને માનસિક કષ્ટની સંભાવના, ઘરમાં તાલમેળ રાખવો.
**મિથુન (ક,છ,ઘ,)**: આવક વધે. શેર, સટ્ટા, લોટરી, વાયદામાં લાભ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે.
**કર્ક (ડ,હ,)**: અપેક્ષિત મદદ મળે. ધંધામાં આવક વધે. નોકરીમાં પ્રતિષ્ઠા વધે. સમાજમાં યશ મળે.
**સિંહ (મ,ટ,)**: ઉઘરાણી આવે. નોકરી ધંધાર્થે પ્રવાસ અનુકૂળ રહે. પ્રેમમાં સાથ મળે. જીવનસાથીનો સાથ.
**કન્યા (પ,ઠ,ણ,)**: નોકર-ચાકર, ચોર, લુંટારુથી નુકસાન થઇ શકે છે. સરકારી કામમાં પ્રગતિ થાય. આવક વધે.
**તુલા (ર,ત,)**: ઘરમાં તાલમેળથી કૌટુંબિક સમસ્યાનું સમાધાન થાય. પાર્ટનરોના સહયોગથી નવી યોજના પાર પડે.
**વૃશ્ચિક (ન,ય,)**: કામમાં વિલંબ આરોગ્યના કારણે થાય. કોઇ વિવાદમાં પડવું નહીં. વાહન ધીમે હાંકવું, ખર્ચા વધે.
**ધન (ભ,ધ,ફ,ઢ,)**: વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. આવક વધે. પ્રેમમાં સાથ મળે. નવા ધંધાની શરૂઆત થાય
**મકર (ખ,જ,)**: ઘર-જમીન-મકાનની યોજનામાં પ્રગતિ થાય. ઘરમાં સુખ-સગવડ વધે. આવક વધશે.
**કુંભ (ગ,સ,શ,ષ,)**: વિદ્યાર્થીઓને સફળતા મળે. પ્રવાસમાં અનુકૂળતા રહે. મનપસંદ ભોજનનો આનંદ મળે.
**મીન (દ,ચ,ઝ,થ,)**: વાણી પર કાબૂ રાખવો રોકાણનો લાભ મળે. ઉઘરાણી આવે. શુભ સમાચાર મળે.

## કોઈ પણ સાલમાં 23 ફેબ્રુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી-ધંધામાં નવી તક મળે.આર્થિક પ્રગતિ થાય. ઉઘરાણી આવે. નવાં રોકાણ થાય. ટેકનોલોજીનો લાભ મળે. સમાજમાં યશ મળે. આરોગ્ય સામાન્ય રહે. નોકરી-ધંધા-સમાજ વગેરેમાં હરીફો વધશે. માનસિક અને શારીરિક પીડા બાબતે સમાન રહેવું. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. મિત્રો-વડીલોની મદદ સંતાનોના કામમાં મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. નવા ઘર-વાહન, મકાનની યોજના પાર પડશે. વારસા, જાયદાદ જમીન વગેરેનાં કામ થાય. વિદ્યાર્થીઓને નસીબનો સાથ મળે. વિદેશનાં કામમાં ગતિ આવે. યાત્રા-પ્રવાસ, ધર્મકર્મથી શાંતિ મળે. મે-જૂન તથા ઓગસ્ટ-સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર અને 5, 14, 23 તારીખ અનુકૂળતાવાળી રહેશે. લીલા રંગનો ઉપયોગ કરવો. જૂન-જુલાઇ તથા શનિવાર અને 7, 16, 23 તારીખ અને કાળો અને લાલ રંગના ઉપયોગ ટાળવો. કાંસાની ધાતુનો ઉપયોગ ખાવા-પીવા માટે કરતાં રહેવું.